# 12 સમાજપરિવર્તનનાં પરિબળો

સામાજિક પરિવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે. કોઈ પણ સમાજ સ્થગિત નથી. એમાં ફેરફાર થતા જ રહે છે. આ ફેરફાર એટલે સામાજિક સંબંધોના આંતરમાળખામાં, સામાજિક રીતરિવાજોમાં થતો ફેરફાર. સામાજિક સંસ્થાઓ, વિચારો, મૂલ્યો વગેરેમાં માનવ આંતરક્રિયાની અસરોથી આવતો બદલાવ. સામાજિક પરિવર્તનમાં વર્તન અને માન્યતાઓ, લોહીના સંબંધો, સગપણની પરંપરાઓ, વિચારસરણી અને ધાર્મિક માન્યતાઓમાં થતાં પરિવર્તનનો સમાવેશ થાય છે.

દરેક સમાજ અનેક આંતરસંબંધો ઉપર રચાયેલો હોય છે. સમાજની વ્યક્તિઓ વચ્ચે આંતરક્રિયાઓ સતત ચાલતી હોય છે. દરેક વ્યક્તિની સમાજમાં એક ભૂમિકા હોય છે. વ્યક્તિઓની આવી ભૂમિકાઓનું પુનરાવર્તન સામાજિક માળખાને યથાવત્ જાળવી રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. દરેક વ્યક્તિ એવી ઇચ્છા રાખે છે કે સમાજની અન્ય વ્યક્તિઓ પોતાની જે ભૂમિકા છે તેને અનુકૂળ રહીને વર્તે. આવી ભૂમિકા લોકોને સમાજમાં તેમનું સ્થાન આપવા અને ઓળખવાના હેતુથી બહુ મહત્ત્વનો આધાર પૂરો પાડે છે.

પરિવર્તન એ સમાજની લાક્ષણિકતા છે. પરિવર્તન એક પ્રક્રિયા હોવાથી તે સતત ગતિશીલ છે. પરંતુ પરિવર્તનથી બધું જ બદલાઈ જાય છે એવું નથી. પ્રાચીન સમયમાં મનુષ્ય પાસે મુસાફરીનાં ઝડપી સાધન ન હતાં. પરિણામે સમાજ યથાસ્થિતિવાદી હતો. આધુનિક સમયમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીની શોધોને કારણે માનવસમાજ પાસે મુસાફરીનાં ઘણાં ઝડપી સાધનો છે. માનવની ગતિશીલતા પુષ્કળ વધી છે. તેના કારણે સમાજમાં પરિવર્તન થવાની પ્રક્રિયા ઘણી ઝડપી બની છે. પ્રાચીન કાળના લોકો પોતાના વસવાટના સ્થળે મોટે ભાગે સ્થિર રહેતા. તેમનો પરિચિત સમાજ ઘણા મર્યાદિત વિસ્તારમાં હતો. તેટલા લોકોની સાથે જ તેમના વિચારવિનિમયના કે અન્ય સામાજિક સંબંધો હતા. એમાં ખૂબ લાંબાગાળે પણ બહુ જ ઓછા ફેરફાર થતા હતા. તે વખતે ભૌગોલિક પરિબળો લોકોની માન્યતાઓ, તેમનાં વર્તનવહેવાર અને રીતરિવાજો ઉપર ઘણી અસર કરતાં હતાં. ભૌગોલિક ફેરફારો લોકસમૂહોની પરંપરાઓમાં ફેરફાર કરવામાં પણ અગત્યનો ભાગ ભજવતા હતા.

### ભૌગોલિક પરિબળોનો પ્રભાવ

ગરમ મુલકોના લોકો સુતરાઉ ખૂલતાં કપડાં પહેરે છે, પ્રમાણમાં ઓછાં કપડાં પહેરે છે, એવાં કપડાંથી એમને ગરમીમાં રાહત મળે છે, ગરમી સહ્ય બને છે. ઠંડા મુલકોના લોકો ગરમ અને ચુસ્ત કપડાં પહેરે છે. અતિશય ઠંડીમાં તેઓ ઉપરાઉપરી બબ્બે-ત્રણત્રણ કપડાં પહેરે છે. આખું શરીર ઢંકાઈ જાય એટલાં કપડાં તેઓ પહેરે છે. એમ કરવાથી તેમને ઠંડીમાં રક્ષણ મળે છે. ઠંડા અને ગરમ મુલકોના લોકોનાં કપડાંમાં જે તફાવત જોવા મળે છે તે ભૌગોલિક પરિબળનું પરિણામ છે.

એવો જ ફેરફાર તેમનાં રહેવાનાં ઘરની પદ્ધતિમાં પણ જોવા મળે છે. ગરમ મુલકોમાં ઘરને બારી-બારણાં પ્રમાણમાં વધારે હોય છે ને તે વધારે વખત સુધી ખુલ્લાં રાખવામાં આવે છે. તેનાથી ઘરમાં હવાની આવજા સરળતાથી થતી રહે છે ને ઘરમાં ગરમીના કારણે બફારો લાગતો નથી. ઠંડા મુલકોનાં મકાનોને બારીબારણાં તો હોય છે પણ તે મોટે ભાગે બંધ રાખવામાં આવે છે જેથી બહારની ઠંડી હવા ઘરમાં પ્રવેશતી અટકે ને ઘરની અંદરનું તાપમાન જળવાઈ રહે.

પૃથ્વીના વિષુવવૃત્તીય પ્રદેશોમાં ગરમી પુષ્કળ પડે છે. તેના કારણે તે પ્રદેશોમાં જીવનારા લોકો રંગે કાળા હોય છે. સૂર્યની ભારે ગરમીના કારણે થતી પ્રક્રિયાને કારણે આમ બને છે. ઠંડા મુલકોમાં વસનારા લોકોને

સૂર્યની એટલી ભારે ગરમી લાગતી નથી તેથી તેમની ચામડીનો રંગ ગોરો હોય છે. ગરમ કે ઠંડી આબોહવાની અસર માત્ર માનવો ઉપર જ થાય છે એવું નથી એની અસર ફળફળાદિ, ધાન્ય પાકો, વૃક્ષ-વનસ્પતિ અને પશુપંખીઓ ઉપર પણ થાય છે. એ બધું પણ જુદું જુદું હોય છે. ફળોનો રાજા કેરી ગરમ પ્રદેશોમાં જ થાય છે તો ઠંડા મુલકોમાં સફરજન વધારે પાકે છે.

ગરમ આબોહવાવાળા પ્રદેશોમાં પુષ્કળ વરસાદ થાય છે. તેથી નદીઓમાં ભારે પૂર આવે છે. માનવજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. કેટલાયે લોકો, પશુઓ પૂરમાં તણાઈ જાય છે. માલમિલકતને અપાર હાનિ પહોંચે છે. ખેતીના ઊભા પાક નાશ પામે છે. રસ્તાઓ ધોવાઈ જાય છે. જમીનના ઉપરના પડનું ધોવાણ થવાથી તેની ફળદ્રૂપતા ખૂબ ઘટી જાય છે ને ખેતીનું ઉત્પાદન ઘટે છે. ગરમ પ્રદેશોમાં જીવતા લોકો આ પરિસ્થિતિમાં જ જીવતા હોય છે. વારંવાર તેમની ધનસંપત્તિનો નાશ થવાથી તેઓ ગરીબીમાં જીવન ગુજારે છે.

ભૌગોલિક પરિબળોમાં ધરતીકંપ ખૂબ જ પ્રભાવક અને સૌથી વધારે વિનાશકારી પરિબળ છે. ધરતીના પેટાળની અંદર રહેલી ગરમી બહાર નીકળવાનો પ્રયાસ કરે ત્યારે ધરતીનું પડ જ્યાં કમજોર હોય ત્યાં એક પ્રકારની ધ્રુજારી પેદા થાય છે. આ ધ્રુજારી માપવાના યંત્રને રીક્ટર સ્કેલ કહે છે. ઈ. સ. 2001માં ગુજરાતમાં આવેલો ધરતીકંપ રીક્ટર સ્કેલ પર 8.5 કરતાં વધારે તીવ્રતાનો હતો ને તેનાથી વ્યાપક વિસ્તારોમાં વિનાશ વેરાયો હતો. આ ધરતીકંપના કારણે આખાં ને આખાં કેટલાંય ગામો નાશ પામ્યાં હતાં ને કોડીબંધ શહેરોમાં હજારો મકાનો ધરાશાયી થઈ ગયાં હતાં. આમ જે મકાનો નાશ પામ્યાં તે બધાં નવેસરથી ભારે ધરતીકંપના આંચકા ઝીલી શકે તેવાં બંધાયાં. આવી રીતે થયેલું પરિવર્તન ભૌગોલિક પરિબળના લીધે થયેલું કહેવાય. એ માત્ર મકાનોના પુનર્નિર્માણ પૂરતું મર્યાદિત ન હતું. આ આફતનો સામનો કરવામાં સમાજનો જે પ્રચંડ પુરુષાર્થ પ્રયોજાયો, લોકો અંદરોઅંદરના સર્વ પ્રકારના ભેદભાવો ભૂલીને એકબીજાની સહાયમાં પ્રવૃત્ત થયા, દેશપરદેશમાંથી લાખો-કરોડો લોકોએ આ આફતગ્રસ્તોની વારે ચડવા નાણાં અને માલસામાન રૂપે સહાયનો જે ધોધ વહેવડાવ્યો તે બધી બાબતો સમાજમાં માનવતાનાં મૂલ્યોની ખૂબ વૃદ્ધિ કરનારી બાબતો હતી. આખું વિશ્વ મારું કુટુંબ છે એવી ભાવના એ વખતે પ્રગટી હતી.

**સમાજમાં વ્યક્તિઓનાં જૂથો**

વ્યક્તિ કુટુંબની સભ્ય હોય છે. એવું કુટુંબ સમાજનું સૌથી નાનું જૂથ છે. એવાં અન્ય જૂથો પણ સમાજમાં હોય છે. સમાજમાં જુદી જુદી જ્ઞાતિઓ, પેટાજ્ઞાતિઓ વગેરે હોય છે તે પણ જૂથ કહેવાય છે. ભારતમાં ઘણી ભાષાઓ બોલાય છે. દરેક ભાષાભાષી લોકોનું પણ એક વિશાળ જૂથ બને છે. એવું જ ભારતમાં અનેક ધર્મોને પાળનારા લોકો વિષે પણ કહી શકાય. એક જ ધર્મ પાળનારા લોકોનું એક અતિશય મોટું જૂથ બને છે. સમાજ આવી રીતે બનેલાં જૂથોનો એક વિશાળ સમૂહ છે.

આ જૂથો પરસ્પર એકબીજાની સાથે વિશેષ પ્રકારની સંબંધ-ગૂંથણીમાં સંકળાયેલાં હોય છે. એટલે ગુજરાતીભાષી સમાજમાં હિંદુઓ, મુસ્લિમો, ખ્રિસ્તીઓ, જૈનો, બૌદ્ધો, શીખો, યહૂદીઓ, પારસીઓ એમ સર્વ ધર્મોનાં જૂથો સમાયેલાં જોવા મળે છે. એ બધાં પોતપોતાના ધર્મનાં જૂથ તરીકે એમની આગવી ઓળખ ધરાવતાં હોય છે ને તે ઓળખ જાળવી રાખવા પ્રયત્નશીલ રહે છે. આવાં ધાર્મિક જૂથોમાં સમયાંતરે કેટલાંક પરિવર્તનો આવતાં રહેતાં હોય છે.

ગુજરાતીભાષી સમાજમાં બીજી ભાષા બોલનારાં ઘણાં જૂથો સમાયેલાં હોય છે. તેમાં હિન્દી, મરાઠી, તામિલ, મલયાલમ, બંગાળી, પંજાબી એમ વિવિધ ભાષાભાષી નાનામોટા સમાજોનો સમાવેશ થઈ ગયો છે.

એ બધા નાનામોટા સમાજો ગુજરાતમાં વસીને ગુજરાતીભાષી બની ગયા છે. છતાં પોતાની મૂળ ભાષા બોલનારા લોકો તરીકેની તેમની ઓળખ તેઓ છોડી દેતા નથી.

### વિભક્ત સમાજની તાસીર

હિન્દુ સમાજની રચનામાં કેવી ભાતીગળ તરેહ ઊપસી આવી છે તે પણ સમજવા જેવું છે. અસલમાં તો હિન્દુઓમાં વર્ણવ્યવસ્થા મુજબ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર ભાગ હતા. એ પછી એમાં ભાગલા પડતા ગયા, પેટાભાગ પડતા ગયા અને તેમાંથી જન્મી જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓની વણઝાર. બ્રાહ્મણોમાં ચતુર્વેદી, ત્રિવેદી, દ્વિવેદી, યાજ્ઞિક, પુરોહિત વગેરે ઘણા વર્ગો છે ને તે બધામાં સમાનતાને બદલે ઊંચનીચની ભાવના વ્યાપેલી છે. મૂળ તો બ્રાહ્મણોનો વ્યવસાય બ્રહ્મની ઉપાસના કરવી, ધાર્મિક ક્રિયાવિધિઓ કરાવવી, વિદ્યા ભણાવવી અને તપ, વ્રત, સાધના કરવી તે હતો. આજે બ્રાહ્મણો ખેતી, પશુપાલન, વેપાર, ઉદ્યોગ, નોકરીઓ વગેરે અનેક વ્યવસાયો કરે છે.

જેવું બ્રાહ્મણોનું તેવું જ ક્ષત્રિયો, વૈશ્યો ને શૂદ્રોનું પણ ભાતીગળ ચિત્ર ઊપસે છે. સરવાળે એવું જોવા-અનુભવવા મળે છે કે જેમ રૂપિયો સો પૈસામાં વહેંચાઈ જાય ને એક એક પૈસાની ચલણ તરીકે કશી કિંમત કે ઉપયોગિતા ન રહે તેમ જ્ઞાતિ-પેટાજ્ઞાતિનાં સેંકડો જૂથોમાં વહેંચાઈ ગયેલો સમાજ એક હાથની છૂટી છૂટી પાંચ આંગળીઓ જેવો થઈ ગયો છે. છૂટી છૂટી એક આંગળીની કશી નોંધપાત્ર તાકાત હોતી નથી. એ પાંચે ભેગી થઈને મુક્કો બને ત્યારે જ તેમાંથી તાકાતનો ફુવારો ઊડી શકે છે. અસંખ્ય જૂથોમાં વિભક્ત થઈ ગયેલો હિન્દુ સમાજ નિર્બળ અને પોતાનું રક્ષણ કરવાની ક્ષમતા વિનાનો થઈ ગયો હતો. પ્રાચીન યુગના ઉત્તર કાળથી જ આ પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. તેથી મધ્યયુગ આવતાં આવતાં તો વિદેશી અને વિધર્મી આક્રમણો સામે એ સમાજ પત્તાંના મહેલની જેમ તૂટી ગયો, પરાધીનતાની બેડીઓમાં જકડાઈ ગયો. આ પરાધીનતા લગભગ સાડા સાતસો વર્ષ ચાલી ને તે લાંબા કાળ દરમ્યાન સમાજનાં હીરચીર નિચોવાઈ જઈને તે રાંક બની ગયો હતો.

### સમાજના વંચિત વર્ગો

ભારતીય સમાજની આ દશા બીજી રીતે પણ સમજવા જેવી છે. એ સમાજમાં કેટલાક એવા વર્ગો હતા કે જેમને સમાજમાં નીચા ગણવામાં આવતા હતા. તેમને સમાનતાનો હક કે માનમરતબો નહોતો મળતો. એમની પાસે મિલકતનો અધિકાર પણ ન હતો. તેઓ બધી રીતે સમાજમાં વંચિતોની દશામાં જીવતા હતા. તેમનું અનેક રીતે શોષણ થતું હતું. તેમને વેઠિયાની દશામાં જીવવું પડતું હતું. તેમનો વસવાટ પણ ગામવસ્તીથી બહાર છેવાડે રહેતો. આજે દેશમાં એ વર્ગો અનુસૂચિત જાતિ તરીકે ઓળખાય છે.

એવો જ વંચિતોનો બીજો વર્ગ છે અનુસૂચિત જનજાતિઓનો. આર્યો આ દેશમાં આવીને વસ્યા ત્યારે તેમને આ દેશના મૂળવતનીઓ સાથે દરેક વિસ્તારમાં નાનીમોટી લડાઈઓ થઈ હતી. તે લડાઈઓમાં ભારતના મૂળ લોકો હારતા ગયા અને તેમના વસવાટના વિસ્તારોમાંથી તેમને હાંકી કાઢીને આર્યો તે વિસ્તારો કબજે કરતા ગયા. આ રીતે હાંકી કઢાયેલા લોકો જંગલો અને પહાડોમાં જઈને વસ્યા. હજારો વર્ષોથી એ લોકો ત્યાં કોઈ પણ સગવડો વિનાનું જીવન વિતાવીને જીવે છે. જંગલનાં કંદમૂળ, ફળફૂલ અને પશુઓના શિકાર ઉપર તેમનું જીવન નભતું રહ્યું છે. સમાજમાં વંચિતોનો આ પણ એક મોટો વર્ગ છે.

જેમના વિષે આ ચર્ચા કરી તે સમાજના વંચિતોના વર્ગોની સ્થિતિ સુધારવા માટે આઝાદી આવ્યા પછી મોટા પાયા ઉપર આયોજિત પ્રયાસો શરૂ થયા છે જે સંદર્ભની વિગતો આપણે આગળ જોઈશું.

## ખેડૂતવર્ગની દુર્દશા

ભારતમાં અંગ્રેજોનું રાજ્ય સ્થપાયું ત્યાં સુધી દેશના ખેડૂતો ખાધેપીધે સુખી હતા. દુષ્કાળનાં કપરાં વર્ષ પણ તેઓ પોતાના કોઠારમાં સંઘરી રાખેલા અનાજથી પાર કરી જતા હતા. તેઓ મહેનતુ હતા અને ખેતીમાં જે કંઈ પકવતા તેના માલિક હતા. તેઓ જે જમીન ખેડતા-વાવતા હતા તે જમીન તેમની પોતાની હતી, તેના ઉપર તેમનો માલિકીહક હતો. સરકારને ઠરાવેલું મહેસૂલ કે ઊપજનો ભાગ આપ્યા પછી તેમના ઉપર કોઈ જાતની જબરજસ્તી કરીને તેમનું પેદા કરેલું અનાજ મનફાવે તેમ કોઈ લઈ જતું ન હતું.

અંગ્રેજ સરકારના રાજ્યમાં આ પરિસ્થિતિ ધરમૂળથી પલટાઈ ગઈ. અંગ્રેજ સરકારે જમીનમહેસૂલની હરાજી કરવા માંડી ને જે એક ગામની જમીનનું વધારેમાં વધારે મહેસૂલ આપતો તેને તે ગામની જમીનના હક અંગ્રેજ સરકાર આપતી. આમાંથી ખેડૂતોનું ભયંકર શોષણ કરનારી જમીનદારી પદ્ધતિનો પાયો નંખાયો. હરાજીમાં ગામની જમીન રાખનાર ગામના ખેડૂતોની ઊપજમાંથી મનફાવે તેટલો માલ ઉપાડી જતો ને તેના આવા અન્યાયી જુલમ સામે ખેડૂતોને કશું રક્ષણ મળતું ન હતું. ધીમેધીમે સ્થિતિ એટલી બદતર બની કે ખેડૂત ઢગલાબંધ અનાજ પકવતો હોય ને છતાં તેનું કુટુંબ ભૂખમરામાં જીવતું હોય. આ સ્થિતિમાં ખેડૂતોએ સારી રીતે ખેતી કરીને વધારે અનાજ પકવવાનું ધીમેધીમે બંધ કરી દીધું અને પ્રજા ગરીબીના તથા અંતે મોતના મુખમાં ધકેલાતી ગઈ. દેશ અંગ્રેજોના રાજ્યમાં એટલો કંગાળ બની ગયો કે ઈ. સ. 1943માં બંગાળમાં દુષ્કાળ પડ્યો ત્યારે 43 લાખ લોકો ભૂખમરાથી મરણ પામ્યાં હતાં. ખેડૂત જગતનો તાત મટી ગયો, રસ્તાનો ભિખારી બની ગયો. તેની જમીનની માલિકી જમીનદારી પદ્ધતિના કારણે જમીનદારોના હાથમાં ચાલી ગઈ. આવી ભયંકર સ્થિતિ બંગાળ, બિહાર, ઓરિસ્સા, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, આંધ્ર વગેરે વિસ્તારોમાં વધારે પ્રમાણમાં પેદા થઈ હતી. એના અવશેષો હજી પણ ત્યાં છે.

## અજ્ઞાનનો અંધકાર

કોઈ પણ સમાજનો, કોઈ પણ પ્રજાનો સર્વાંગી વિનિપાત સિદ્ધ કરવો હોય તો એ પ્રજાને નિરક્ષરતા ને અજ્ઞાનના અંધકારમાં ધકેલી દેવી પછી બીજું કંઈ કરવાપણું રહેતું નથી. અંગ્રેજોએ ભારતમાં એ જ કર્યું હતું. એમના પહેલાં મોગલ બાદશાહોએ શિક્ષણનો પ્રસાર કરવાનું પોતાનું કર્તવ્ય પિછાણીને પાઠશાળાઓ અને મદ્રેસાઓને મહેસૂલમુક્ત જમીનો દાનમાં આપી હતી. અંગ્રેજ ગવર્નરોએ પોતાનું મહેસૂલ વધારવા માટે એ બધી જમીનો જપ્ત કરી લીધી હતી અને તેથી મોટી સંખ્યામાં એવી શિક્ષણસંસ્થાઓ બંધ થઈ ગઈ હતી. પંજાબમાં આવી પાઠશાળાઓ અને મદ્રેસાઓની સંખ્યા ઈ. સ. 1849માં 30,000 ની હતી તે ઈ. સ. 1859માં ઘટીને 2171 થઈ ગઈ હતી. તેથી ભારતની પ્રજા - ભારતીય સમાજ અજ્ઞાનના અંધકારમાં ડૂબી ગયો. તેની દરેક પ્રકારે અવનતિ થઈ.

વેદકાળમાં ભારતમાં સ્ત્રીઓને અને શૂદ્રો સિવાયના ત્રણે વર્ણના લોકોને વેદોનું અધ્યયન કરવાની છૂટ હતી. પુરાણ કાળ ને તે પછીના સમયમાં સ્ત્રીઓને વેદોનું અધ્યયન કરવાની છૂટ રદ કરવામાં આવી હતી. ત્યારથી ભારતીય સમાજમાં સ્ત્રીઓની પડતી દશાની શરૂઆત થયેલી એમ કહેવામાં અતિશયોક્તિ નથી. કાળક્રમે ક્ષત્રિયો અને વૈશ્યોનો વેદાધ્યયનનો હક પણ ઝૂંટવાઈ ગયો. એને પરિણામે લોકોમાં ધર્મનું સાચું જ્ઞાન પ્રવર્તતું અટકી ગયું ને ધર્મના નામે કેટલાય દુરાચારો, વહેમ અને અંધશ્રદ્ધાઓ પ્રચલિત બન્યાં. ઈશ્વર અને ધર્મના સાચા જ્ઞાન વિનાનો સમાજ સરવાળે પરાધીન બની ગયો.

### પરિવર્તન જરૂરી છે

ભારતીય સમાજની તાસીર અને તસવીર આપણે ઉપર જોઈ. હાડચામના ખોખા જેવી એ સમાજની દશા હતી. આઝાદી આવી ત્યારે દેશમાં ચારેબાજુ અનેક કાર્યો કરવાની જરૂર હતી. દેશની રાષ્ટ્રીય સરકાર રાજકીય આઝાદી પછી આર્થિક આબાદીના માર્ગે કદમ ભરવા તૈયાર હતી. પણ રાજકીય આઝાદીય ક્યાં પૂર્ણ થઈ હતી ? માત્ર અંગ્રેજ સરકારના શાસનનો અંત આવ્યો હતો. હજી તો આશરે છસો જેટલાં નાનાંમોટાં દેશી રાજરજવાડાં ઊભાં હતાં. એમાંથી કેટલાંક રાજ્યો તો વિશાળ પ્રદેશ ને મોટી આવકોવાળાં હતાં. તેમની ઈચ્છા સ્વતંત્ર થઈ જવાની હતી. એમ થવા દેવાય ? તો દેશનું શું થાય ?

### સરદાર વલ્લભભાઈ પટેલની કરામત

દેશના એ સંજોગોમાં પરિવર્તનની સૌથી પહેલી જરૂર રાજકીય ક્ષેત્રે હતી. અંગ્રેજો દેશી રાજાઓને તેમના અંકુશ અને સત્તામાંથી મુક્ત કરીને ગયા તે પછી ભારતના નાયબ વડા પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે ભારત સરકારમાં રિયાસતોનું ખાતું સંભાળ્યું. તેમણે એક પછી એક મોટાં રાજ્યોના રાજા-મહારાજાઓને મળીને તેમની પાસે યથાવત્ સ્થિતિ જાળવી રાખવાના કરાર પર સહીઓ કરાવી ને તેમની સ્વતંત્ર થઈ જવાની ઈચ્છાનો છેદ ઉડાવી દીધો. આ કાર્ય એમણે એવી સદ્‌ભાવનાથી કર્યું કે તેના ક્યાંય અવળા પ્રત્યાઘાત ન પડ્યા.

### દેશી રાજ્યોનું ભારતમાં વિલીનીકરણ - રાજકીય પરિવર્તન

દેશી રાજ્યોના રાજાઓને યથાવત્ સ્થિતિ જાળવી રાખવાને માટે સંમત કરીને સરદાર પટેલે બહુ મોટી સિદ્ધિ મેળવી હતી. આઝાદી મળ્યા પછીનાં તરતનાં વર્ષોમાં ભારત વેરવિખેર થઈને અનેક રાજ્યોમાં વિભાજિત થઈ જવાનો ખતરો એનાથી ટળી ગયો હતો. પણ એટલું પૂરતું ન હતું. ખરું કામ તો હજી બાકી હતું. તે હતું સમગ્ર ભારતની એકતા સ્થાપિત કરીને આખા દેશને ભારત સરકારની હકૂમતમાં લાવવાનું. એ ન થાય ત્યાં સુધી રાજકીય આઝાદીની ઝાઝી ઉપયોગિતા ન હતી.

એક ચાસ જેટલી જમીન માટે પણ લોકોનાં માથાં વધેરાઈ જતાં હોય છે તે સૌ જાણે છે. ત્યારે અહીં તો હજારો ચોરસ કિલોમીટરનો પ્રદેશ ધરાવતાં ને કરોડો રૂપિયાની વાર્ષિક આવકવાળાં રાજ્યો તમે આપી દો એમ એના રાજાઓને કહેવાનું હતું ને તેમની પાસે હા પડાવીને તેમનાં રાજ્યો ભારત સંઘમાં ભેળવી દેવાનાં હતાં. કોઈ રાજા પોતાનું રાજ્ય એમ આપી દે ખરો ? તદ્દન અસંભવિત લાગતું આ કામ ઉચ્ચ કોટિની રાજનીતિ ને દેશભક્તિની ભાવનાથી સરદાર પટેલે સંપન્ન કર્યું. એમણે નાનામોટા બધા રાજામહારાજાઓ અને નવાબોને તેમનાં રાજ્યોના બદલે દરેકને તેમના મોભા અને જરૂરિયાત પ્રમાણે વાર્ષિક સાલિયાણાં બાંધી આપ્યાં. કેટલાક મોટા રાજાઓને આ દેશી રાજ્યોને એકબીજામાં ભેળવી દઈને જે બ વર્ગનાં રાજ્યો બનાવ્યાં તેના રાજ્યપાલ બનાવી દીધા. તો કેટલાકને પરદેશમાં એલચી. એમની શક્તિ-આવડતનો ભારતના વિકાસમાં ઉપયોગ કરીને તેમનો મોભો જળવાઈ રહે તેની કાળજી લીધી. આમ, માત્ર બેથી અઢી વર્ષના અતિશય ટૂંકાગાળામાં ભારતને દુનિયાનો એક અને અખંડ દેશ બનાવી દીધો.

દુનિયાના ઈતિહાસમાં આવું રાજકીય પરિવર્તન લોહીનું એક ટીપું પણ પાડ્યા વિના ઉચ્ચ કોટિની દેશભક્તિથી પ્રેરાઈને સિદ્ધ થયું હોય તેવું પહેલાં કદાપિ બન્યું ન હતું. ભારતમાં એ શાંતિપૂર્વક, અહિંસક રીતે અને દેશ માટેની અપ્રતિમ ત્યાગભાવનાથી બની શક્યું. એટલામાત્રથી દુનિયામાં ભારતની પ્રતિષ્ઠા વધી ગઈ હતી. રાજકીય આઝાદી મળ્યા પછી અતિશય ટૂંકા ગાળામાં ભારતની રાજકીય એકતા ને અખંડિતતા સિદ્ધ થઈ હતી. ભારતના સમગ્ર ઈતિહાસ પર નજર કરતાં એક વાત સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે કે, માત્ર પાકિસ્તાનમાં ગયેલા વિસ્તારને બાદ કરતાં બાકીના સમગ્ર ભારતનો પ્રદેશ એક જ રાજ્યસત્તાની હકૂમતમાં આવ્યો હોય એવી આ સર્વપ્રથમ ઘટના હતી.

કેટલાક વિદ્વાનોના મતે એકત્રિત થવું, સંગઠિત થવું એ પરિવર્તનનું પ્રથમ પગથિયું છે. સંગઠન દ્વારા એકતા સિદ્ધ થાય છે, નાનામોટા મતભેદોનું નિરસન થાય છે, વૈચારિક સહમતી પેદા થાય છે અને તે રીતે નવા કાર્યક્રમો હાથ પર લઈને સારી રીતે અમલમાં મૂકી શકાય છે. ધ્યેયલક્ષી કાર્યક્રમોનો અમલ કરવાથી ધાર્યાં પરિણામો લાવી શકાય છે ને પ્રવર્તમાન પરિસ્થિતિમાં સુધારો થવાથી લોકજીવનમાં વિધેયાત્મક પરિવર્તન થઈ શકે છે. ભારતમાં એવા પરિવર્તનનું પ્રભાત ઊગ્યું હતું.

**પરિવર્તનના ઉદ્દેશો**

પરિવર્તન એટલે ફેરફાર. ફેરફાર એટલે સુધારો. સુધારો હંમેશાં ચાલુ સ્થિતિમાંથી વધારે બહેતર સંજોગોનું નિર્માણ કરવાના હેતુવાળો હોય અને તો જ તે સુધારો કહેવાય. એટલે ફેરફાર ઇચ્છિત દિશામાં ઇચ્છિત પરિણામ પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી કરવાનો હોય છે. દા.ત., લોકોમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઓછું છે. તો તે પ્રમાણ વધારવાના હેતુથી જે કાર્યક્રમો વિચારીને અમલમાં મુકાય તેના પરિણામે સાક્ષરતાનું પ્રમાણ ધીમેધીમે વધવા માંડે અને નિરક્ષરતા સંપૂર્ણપણે નાબૂદ ન થાય ત્યાં સુધી તે કાર્યક્રમો ચાલુ રહે. સમયાંતરે વચ્ચે વચ્ચે કાર્યક્રમોના અમલનું ને તેનાથી મળતાં પરિણામોનું મૂલ્યાંકન પણ થતું રહે ને 100 % સાક્ષરતાનું ધ્યેય સિદ્ધ થાય ત્યાં સુધી એની ઝુંબેશ ચાલુ રહે. આમ, કાર્યક્રમો ધાર્યું પરિવર્તન લાવવા માટે અમલમાં મુકાય તો તે પરિણામદાયી બને.

સમાજનું જીવન સુધારવાની દૃષ્ટિએ આવા અનેક ઉદ્દેશો વિચારી શકાય છે. દા. ત.

- 100 % સાક્ષરતાનું ધ્યેય સિદ્ધ કરવું.
- લોકોને સારી આરોગ્યસેવાઓ પૂરી પાડવી.
- અન્નઉત્પાદનમાં સ્વાવલંબી થવું.
- દેશમાં વાહનવ્યવહારનો અને સંદેશાવ્યવહારનો વિકાસ કરવો.
- સ્ત્રીઓને સમાજમાં સમાનતા મળે એવાં પગલાં ભરવાં.
- સમાજના દલિત, પીડિત અને પછાતવર્ગોને સમાજની મુખ્ય ધારામાં લાવવા.
- પોલિયો જેવા રોગોની નાબૂદી કરવી.

આ તો થોડા નમૂનાના ઉદ્દેશની વાત કરી. એવા બીજા ઘણા ઉદ્દેશ વિચારી શકાય. પરિવર્તન નિરુદ્દેશ હોઈ શકે નહિ. કુદરતી રીતે જે પરિવર્તન થતું હોય તેનો ઉદ્દેશ માનવ નક્કી ન કરી શકે પણ એવા પરિવર્તનથી થતા નુકસાનથી બચવાની માનવના હાથની વાત છે; એટલું જ નહિ તેના થકી શક્ય એટલો લાભ લેવાનું પણ તેના હિતમાં છે.

**પ્રાકૃતિક પરિબળ - પ્રાણી**

આપણે શરૂઆતમાં જોયું કે ભૌગોલિક પરિસ્થિતિ સમાજજીવનમાં કેવા કેવા ફેરફાર કરી શકે છે. ભૌગોલિક પરિસ્થિતિ ઉપર માનવીનો કાબૂ નથી છતાં માનવપુરુષાર્થથી ભૌગોલિક પરિસ્થિતિમાં ફેરફાર લાવી શકાય છે. ગુજરાતમાં નર્મદા યોજનાને ગુજરાતની જીવાદોરી માનવામાં આવે છે. નર્મદા યોજનાના અમલમાં અનેક અવરોધો હોવાથી તેનું કામ ઘણું ધીમુંધીમું ચાલે છે છતાં છેલ્લાં બે વરસમાં આપણે જોયું છે કે સૌરાષ્ટ્ર વિસ્તારનાં હજારો ગ્રામનગરોની પીવાના પાણીની મુશ્કેલી મહદંશે નિવારી શકાઈ છે. રાજકોટ જેવા શહેરમાં બે કે ત્રણ દિવસે પીવાનું પાણી અપાતું હતું તેના બદલે દરરોજ પાણી મળતું થયું છે. ગામડાંમાં સ્ત્રીઓને પીવાનું પાણી લાવવા માટે એક-બે કિલોમીટર સુધી જવું પડતું હતું તે આપદામાંથી તેમને મુક્તિ મળી છે. અમદાવાદમાં વહેતી

સાબરમતી સૂકીભટ રહેતી હતી તેને બદલે ઉનાળામાં પણ એ નદી નર્મદાનાં નીરથી ભરીભરી નાગરિકોએ જોઈ છે ને અમદાવાદ શહેરની પાણીપુરવઠાની સમસ્યા લગભગ ઊકલી ગઈ છે.

ખેડા જિલ્લામાં ને અમદાવાદ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં નર્મદાનું પાણી ખેતીમાં સિંચાઈ માટે આપવાથી સુકાઈ જતા મોલ બચ્યા છે; એટલું જ નહિ ડાંગરના ને અન્ય પાકોના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. નર્મદાનાં નીર સૌરાષ્ટ્રમાં જામનગર સુધી અને કચ્છમાં પણ પહોંચ્યાં છે ને જ્યાં જ્યાં લોકો પીવાના પાણીની અછતમાંથી બચ્યા છે ત્યાં તેમના જીવનમાં દેખીતું પરિવર્તન આવ્યું છે. એમની આવકો વધી છે, એમના જીવનધોરણમાં સુધારો નોંધાયો છે. આ તો માત્ર શરૂઆત છે.

જળ એ જીવન છે. જળ જીવનની પ્રાથમિક જરૂરિયાત છે. તેના વિના જીવન સંભવી શકે નહિ. ઇજિપ્ત, મેસોપોટેમિયા, ચીન, હિંદુસ્તાન એ બધા દેશોની પ્રાચીન સંસ્કૃતિઓ કોઈ ને કોઈ નદીકિનારે વિકસી હતી એ જીવનમાં પાણીનું મહત્ત્વ કેટલું છે એ દર્શાવી આપે છે. ભારતમાં આઝાદી આવ્યા પછી અનાજનું ઉત્પાદન વધારવાની ખૂબ તાકીદની આવશ્યકતા હતી. તેથી પ્રથમ પંચવર્ષીય યોજનામાં ભાખરાનાંગલ, હીરાકુડ, દામોદર યોજના જેવા બંધ બાંધીને, નહેરો દ્વારા સિંચાઈ આપીને ખેતીનું ઉત્પાદન ઝડપથી વધારવાનું આયોજન કરાયું હતું.

સમાજમાં પાણીની પૂરતા પ્રમાણમાં પ્રાપ્તિ થવાથી વ્યક્તિના જીવનમાં વિવિધ પ્રકારે સુધારા થાય છે. પૂરતા પાણીના વપરાશથી લોકો સારી રીતે નહાઈ શકે છે ને દરરોજ કપડાં ધોઈ શકે છે. તેથી તેમનું આરોગ્ય સુધરે છે. ચામડીના ને બીજા રોગો થતા અટકે છે. તેથી દવાદારૂના ખર્ચા ઘટે છે કે બચે છે. પાણીનો વપરાશ વધવાથી સ્વચ્છતાની સારી ટેવો કેળવાય છે. ખેતીમાં પાણી મળી રહેવાથી અનાજનું ઉત્પાદન વધે છે. લીલા ચારાનું ઉત્પાદન પણ વધવાથી દૂધઉત્પાદનમાં વધારો થાય છે. તેથી કુટુંબની આવક વધે છે. ખેતીમાં બે-ત્રણ પાક લઈ શકાય છે. તેથી મજૂરોને પણ પૂરતું કામ મળી રહે છે, તેમની આવકમાં સુધારો થાય છે ને બેરોજગારીનું પ્રમાણ ઘટે છે. લોકોની આવક વધવાથી તેઓ સારો ખોરાક ખાઈ શકે છે. વાર-તહેવારે સારાં કપડાં ને ઘરેણાં પહેરી શકે છે. રહેવાનાં મકાનોમાં સગવડો વધે છે. આ બધાને પરિણામે લોકો પોતાનાં છોકરા-છોકરીઓને સારું શિક્ષણ આપી શકે છે ને નવી પેઢીનું જીવન સુધરે છે. તેમના જીવનમાંથી વહેમો, અંધશ્રદ્ધાઓ, કુરિવાજો વગેરેને તિલાંજલિ મળે છે. તેઓ જમાનાને અનુરૂપ જીવન જીવતાં થાય છે. આમ માત્ર પાણીની પૂરતા પ્રમાણમાં પ્રાપ્તિ થવાથી વ્યક્તિના જીવનમાં વિવિધ પ્રકારે પરિવર્તન આવતું જોઈ શકાય છે.

### સામાજિક પરિબળ - શિક્ષણ

અજ્ઞાન એટલે અંધકાર અને જ્ઞાન એટલે પ્રકાશ. ગમે તેટલો ગાઢ અંધકાર હોય તોય એક દીવાસળી સળગાવવામાત્રથી પળવારમાં તે ગાઢ અંધકારનો નાશ થઈ જાય છે. બાર કલાકની કાજળઘેરી રાતના અંધકારને સૂર્યનું માત્ર એક કિરણ ભગાડી મૂકે છે. જ્યાં જ્ઞાન હોય ત્યાં અજ્ઞાન ટકી ન શકે, જેમ પ્રકાશની હાજરીમાં અંધકાર.

નિરક્ષર ને અજ્ઞાની સમાજનું અનેક રીતે અધઃપતન થાય છે ને તે સમાજ અનેક દુઃખ-આફતો તેમજ કંગાલિયતનો હંમેશાં ભોગ બનતો રહે છે. એવા સમાજમાં અનેક ખોટી માન્યતાઓ ને અંધશ્રદ્ધાઓ જડ ઘાલે છે. એને કારણે અનેક પ્રકારનાં અનિષ્ટો ફૂલેફાલે છે ને સમાજની પ્રગતિનો માર્ગ રૂંધે છે. લોકો તાવ આવે ત્યારે દવા કરાવવાને બદલે દોરા-ધાગા ને બાધા-આખડીનો રસ્તો અપનાવે છે ને દરદી સાજો થવાના બદલે પરલોક પહોંચી જાય છે. સમાજમાં ઊંચનીચના ભેદ વ્યાપક બનીને સમાજની એકતાનો નાશ કરે છે. જ્ઞાનના

અભાવમાં બાળલગ્નો, દહેજ, દીકરીને દૂધ પીતી કરવી, કન્યાવિક્રય અને વરવિક્રય, મરણ પાછળનાં પ્રેતભોજન, તાવ-બીમારી વખતે ભૂતભૂવા ને ડાકલાં વગેરે વધે છે. લોકો ખુવાર થતા જાય છે ને તેમના અજ્ઞાન અને અંધશ્રદ્ધાનો લાભ લેનારા ધુતારાઓ ફાવી જાય છે.

રાજા રામમોહનરાય, મહાદેવ ગોવિંદ રાનડે, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને મુંબઈના બેરામજી મલબારી વગેરેની ઝુંબેશના પરિણામે ભારતમાં અંગ્રેજી શિક્ષણના ફેલાવાને પ્રોત્સાહન મળ્યું હતું. એની સાથે જ કન્યા-કેળવણી તરફ પણ એ સુધારકોનું ધ્યાન દોરાયું હતું. 1824માં મુંબઈમાં પ્રથમ કન્યાશાળાની સ્થાપના થઈ હતી. 25 વરસ પછી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે કલકત્તામાં કન્યાશાળા શરૂ કરી હતી. સ્વામી દયાનંદ સરસ્વતી માનતા હતા કે કન્યાશિક્ષણ બાળલગ્ન રોકવાનું અસરકારક પરિબળ છે. આ ક્ષેત્રે ધોંડો કેશવ કર્વેએ નોંધપાત્ર કામ કર્યું હતું. તેમના જ પુરુષાર્થના બળે મુંબઈમાં મહિલાઓ માટેની એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી.

શિક્ષણ લેવાથી વ્યક્તિની બુદ્ધિનો વિકાસ થાય છે તેમજ વિચારશક્તિ વિકસે છે. તેનામાં સારા-ખોટાને પારખવાની વિવેકબુદ્ધિ આવે છે. શિક્ષણ દ્વારા તે પોતાના દેશનો ઇતિહાસ, સંસ્કૃતિ, ધર્મ, દેશની ભૂગોળ વગેરેથી માહિતગાર બને છે ને તેનામાં રાષ્ટ્રભાવનાનો આવિર્ભાવ થાય છે. શિક્ષણથી તે પોતાના દેશની વર્તમાન સ્થિતિ, સામાજિક પરિસ્થિતિ, દેશના લોકો ને તેમના રીતરિવાજો, દેશનો વેપારઉદ્યોગ, રાજકીય વહીવટ વગેરે વિષે ઘણું શીખે છે. તેનાથી તેનામાં વૈચારિક ઉદારતા અને માનસિક જાગૃતિ આવે છે. તે દૈનિક સમાચારપત્રો, ટીવી, રેડિયો, ટેલિફોન, ઇન્ટરનેટ વગેરે માધ્યમો દ્વારા દુનિયાના બીજા અનેક દેશો ને પ્રજાઓ વિષે પણ ઘણું મહત્ત્વનું જાણવા પામે છે ને તેથી તેનામાં વૈશ્વિક દૃષ્ટિનો વિકાસ થાય છે.

શિક્ષણ દ્વારા આવી રીતે સમગ્ર નવી પેઢી વિકસે છે, સ્ત્રીઓ અને પુરુષો સાથોસાથ વિકસે છે. સહિતો ને રહિતો પાસપાસે બેસીને ખૂલે છે ને ખીલે છે. હિંદુઓ અને મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને પારસીઓ, જૈનો અને બૌદ્ધો સૌ પોતપોતાના બંધિયાર વિચારવાડાઓમાંથી મુક્ત થઈને વિશ્વવ્યાપી વિચારધારાનું પયપાન કરે છે ત્યારે વ્યાપક સમાજમાં એક નવી ચેતનાનો સંચાર થાય છે, જ્ઞાતિ, જાતિ, ધર્મ, ભાષા અને દેશના સંકુચિત વાડાની દીવાલો ધ્વસ્ત થઈ જાય છે ને તેમાંથી સર્જાય છે સમતાદર્શી સમરસ સમાજ.

શિક્ષણ એ પરિવર્તનનો પારસમણિ છે. એના સ્પર્શે સર્વ પ્રકારની અશુદ્ધિઓ નાશ પામીને શુદ્ધ કાંચનનું નિર્માણ થાય છે. ધંધા-રોજગાર કે નોકરી પેટિયું આપે છે, શિક્ષણ આપે છે જમાનાની પેલે પાર જોવાની દૃષ્ટિ અને નૂતન ભવિષ્યનું નિર્માણ કરવાની ક્ષમતા વિકાસ માટેના પરિવર્તનમાં આવતા સઘળા અવરોધોને પાર કરવાની હિંમત અને કૌશલ્ય શિક્ષણ થકી પ્રાપ્ત થાય છે.

**સામાજિક પરિબળ – પ્રવાસપર્યટન**

શિક્ષણ વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે ચાલતી પરિવર્તનની પ્રક્રિયા છે. એ નિશ્ચિત અભ્યાસક્રમોની મર્યાદામાં વ્યક્તિનું ઘડતર કરે છે, તેની ક્ષમતાઓનો વિકાસ કરે છે, તે વર્ષો સુધી ચાલતી પ્રક્રિયા છે. તે શિક્ષકનાં વ્યાખ્યાનો અને પુસ્તકો દ્વારા મળતા જ્ઞાન વડે સમાજ, દેશ અને દુનિયાનું દર્શન કરાવીને વ્યક્તિની બૌદ્ધિક ક્ષિતિજોને વિસ્તારે છે.

પ્રવાસપર્યટન વ્યક્તિને વર્ગખંડની ભૌગોલિક સરહદોમાંથી બહાર લઈ જઈને વિશાળ દુનિયામાં ફરતો કરી દે છે. વ્યક્તિ પ્રવાસપર્યટને નીકળે ત્યારે તે અનેક લોકોના સંપર્કમાં આવે છે. તેને તેમના પહેરવેશ, તેમનાં વર્તન-વ્યવહાર, તેમની ભાષા, તેમનો ખોરાક આ બધું જોવા-જાણવા-સમજવાની તક મળે છે. નદી, પહાડો,

જંગલો, ખીણો, ખુલ્લાં સપાટ મેદાનો, વિવિધ પાકોથી ભર્યાંભર્યાં ખેતરો, જુદાંજુદાં પશુપક્ષીઓ, ધાર્મિક દેવાલયો, પ્રાચીન ઈમારતો વગેરેથી શોભતી રંગભરી દુનિયા તેની દૃષ્ટિ સમક્ષ ખડી થઈ જાય છે. આ બધી બાબતો વિષે તેણે પુસ્તકોમાં થોડુંઘણું વાંચેલું હોય છે તે પ્રત્યક્ષ થતાં તેના જ્ઞાનને વાસ્તવિકતાનો ઢોળ ચડે છે. આ બધાથી તેના મન પર, ચિત્ત પર, હૃદય પર જાતજાતની આંતરક્રિયાઓ થાય છે ને તેને ખબર પણ ન પડે એ રીતે તે આંતરબાહ્ય રીતે બદલાવા માંડે છે.

આ તો થઈ એક વિદ્યાર્થીની વાત. એક સામાન્ય માણસ પણ જ્યારે યાત્રાપ્રવાસે જાય છે ત્યારે તેના ઉપર આવી બધી જ આંતરક્રિયાઓ થતી હોય છે, તેની કેટલીક રૂઢ માન્યતાઓ ને ગ્રંથિઓ છૂટીતૂટી જાય છે. તે જ્યારે ઘેર પાછો આવે છે ત્યારે સારા પ્રમાણમાં બદલાઈ ગયેલો હોય છે. પ્રત્યક્ષ દર્શનથી મનચિત્ત પર જે દૃઢ છાપ પડે છે તે વર્ષો સુધી ભુલાતી નથી. ગમે તેટલો જુનવાણી માણસ હોય, એને બહારની દુનિયામાં એક વખત પ્રવેશ મળે તો તેને જે કંઈ જોવા-જાણવા મળે છે તેનાથી તેની સમજણમાં ને માન્યતાઓમાં ઓછો-વત્તો ફેરફાર તો અવશ્ય થાય જ છે.

સામાન્ય ખેડૂતોને પ્રગતિશીલ ખેતી શીખવવા માટે સારાં ફાર્મની મુલાકાતે લઈ જવામાં આવે છે. દૂધ-ઉત્પાદન કેવી રીતે વધારી શકાય તે માટે પોતાની ગાયો કે ભેંસો પાસેથી મહત્તમ દૂધનું ઉત્પાદન મેળવતા ખેડૂત કે પશુપાલકની મુલાકાત કરાવાય છે. રાસાયણિક ખેતીમાંથી મુક્તિ મેળવવા માટે એવા ખેડૂતોને સજીવ ખેતીનાં ફાર્મ બતાવાય છે. આ બધાં ઉદાહરણ નાનાનાના પ્રવાસોની પરિવર્તનમાં કેટલી ઉપયોગિતા છે તે દર્શાવે છે. આ તો થઈ સામાન્ય માણસોના જીવનપરિવર્તનની વાત. અત્યારે તો જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં વૈજ્ઞાનિક સંશોધન એટલી ઝડપથી થાય છે કે અનેક ઉદ્યોગોમાં વર્ષે-બે વર્ષે ટેક્નોલૉજી બદલાઈ જાય છે ને નવી ઉત્પાદનપદ્ધતિઓ અમલમાં આવે છે એટલે નાનામોટા ઉદ્યોગકારો પણ પોતાના ઉદ્યોગમાં પાછળ ન પડી જવાય એ હેતુથી વર્ષે - બે વર્ષે એવાં વિકસિત ઉદ્યોગકેન્દ્રો જોવા માટે દેશ-પરદેશથી મુલાકાતે જતા હોય છે. બંધિયાર પાણી ગંધાઈ ઊઠે છે. આજથી અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન બુદ્ધે પોતાના ભિક્ષુઓને ચાલતા રહેવાનો ઉપદેશ આપ્યો હતો તે અમસ્તો આપ્યો હશે ?

ગુજરાત સરકારે ઉત્તર ગુજરાતની જળસમસ્યાના કાયમી નિવારણ માટે સુજલામ્ સુફલામ્ યોજના બનાવી. આ યોજનાથી સાબરકાંઠા, મહેસાણા, પાટણ, બનાસકાંઠા વગેરે જિલ્લાઓમાં સિંચાઈની સગવડો આપીને તથા ભૂગર્ભ જળસ્રોતોને સજીવન કરીને ખેતીનો વિકાસ કરવાનો છે તથા પીવાના પાણીનો પ્રશ્ન કાયમી ધોરણે હલ કરવાનો છે. આ યોજનાથી પોતાને ફાયદો અવશ્ય થશે એવો વિશ્વાસ પડે તે માટે યોજનાની નહેરનું જ્યાં કામ ચાલતું હતું તે સ્થળે ખેડૂતોને લઈ જઈને તે બતાવવામાં આવતું હતું. સરકાર સુજલામ્ સુફલામ્ યોજનાની અધ્ધરતાલ વાતો નથી કરતી પણ તે યોજનાનો ખરેખર અમલ શરૂ થઈ રહ્યો છે ને નિર્ધારિત સમયમાં લક્ષિત વિસ્તારોમાં એનાં જળ વહેતાં થશે એવી ખાતરી આવી મુલાકાતથી ખેડૂતોને થઈ હતી ને પછી એનો વિરોધ બંધ થઈ ગયો હતો.

### સામાજિક પરિબળ – સામૂહિક પુરુષાર્થ

સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને ગુજરાતની પૂર્વપટ્ટીનો ડુંગરાળ પ્રદેશ એ બધા વિસ્તારો પાણીની તીવ્ર અછતવાળા અને અવારનવાર અનાવૃષ્ટિના વિસ્તારો છે. ત્યાં કોઈ મોટી નદીઓ નથી. તેથી નહેરોની સિંચાઈ અત્યંત મર્યાદિત છે. આ પરિસ્થિતિમાં વરસાદી પાણીના સંગ્રહનાં કામો થાય ને વરસાદનું પાણી દરિયામાં વહી ન જાય તે માટે ચેકડેમ, તળાવો ઊંડાં કરવાં, ખેતતલાવડીઓ બનાવવી વગેરે કામોની સરકારે યોજનાઓ

બનાવી ને તેના માટે પ્રચારની ઝુંબેશ ઉપાડી. કેટલાક ઉત્સાહી ને દીર્ઘદષ્ટિવાળા ખેડૂતો અને કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓએ આ કામો શરૂ કર્યાં. તેના પછીના ચોમાસામાં વરસાદ થયો ને જે જળસંગ્રહ થયો તે અનેક ગામોના લોકોએ જોયો ને પછી તો ગામેગામ નદી, વહેળા અને વોંકળા ઉપર અનેક ઠેકાણે આડા બંધ બાંધીને ચોમાસાના માણીને દરિયામાં વહી જતું અટકાવવાનો સામૂહિક પુરુષાર્થ આરંભાયો. છેલ્લાં બે-ત્રણ વર્ષમાં આ સામૂહિક પુરુષાર્થનાં જે અકલ્પનીય પરિણામ આવ્યાં છે તેનાથી લોકોના ઉત્સાહમાં ખૂબ જ વધારો થયો છે. લોકોમાં 'અપના હાથ જગન્નાથ'ની ભાવનાનાં પૂર ઊમટ્યાં છે. પાણીપ્રશ્ને સમગ્ર પ્રજાની માનસિકતામાં જબરજસ્ત પરિવર્તન આવી રહ્યું છે ને તેનો વિસ્તાર હવે સૌરાષ્ટ્રની સરહદો વટાવીને અન્ય જિલ્લાઓમાં થઈ રહ્યો છે.

**સામાજિક પરિવર્તન : એક ધીમી પ્રક્રિયા**

સમાજ પરિવર્તનશીલ છે ને પરિવર્તન સતત ચાલતી પ્રક્રિયા છે એ સાચું હોવા છતાં એ પણ એટલું જ સાચું છે કે સામાજિક પરિવર્તન એ હંમેશાં ઘણી ધીમી પ્રક્રિયા છે, કારણ કે એમાં પરંપરાઓ, ખોટા રીતરિવાજો, સામાજિક કુરૂઢિઓ ને ચાલી આવતી અંધશ્રદ્ધાઓને પડકાર થાય છે. હજારો વર્ષોથી એમ મનાતું આવ્યું છે કે સામાન્ય પ્રજા ગતાનુગતિક હોય છે. ચીલે ચીલે ચાલવાનો એનો સંસ્કાર ને સ્વભાવ હોય છે. એ આપમેળે ચીલો ચાતરતી નથી. એટલે જ સામાજિક પરિવર્તન અઘરું ને ધીમું હોય છે. એમાં કોઈની ઉતાવળ કામ આવતી નથી કે કોઈ પરિવર્તન દાબદબાણથી કરાવી શકાતું નથી.

સતી થવાનો રિવાજ લૉર્ડ વિલિયમ બૅન્ટિંકે ઈ. સ. 1829માં કાયદો કરીને નાબૂદ કર્યો હતો. એ વાતને લગભગ પોણા બસો વરસ વીતી ગયાં છે છતાં હજીય રાજસ્થાનમાં, ઉત્તર પ્રદેશમાં, મધ્યપ્રદેશમાં સતી થવાના પ્રસંગો કોઈ કોઈ વાર બને છે. એમાં સમાજના કહેવાતા મોભાદાર, ભણેલાગણેલા લોકો પણ સંકળાયેલા હોય છે. એ લોકો કંઈ અભણ ને અજ્ઞાન તો નથી હોતા. આનું નામ છે પરંપરાગત માનસિકતા, સમાજની ગતાનુગતિકતા. બાળલગ્ન નાબૂદીનો કાયદો આઝાદી પહેલાં ઘડાયો હતો. આઝાદ ભારતની સરકારોએ એનો અમલ કરાવવાના પ્રયાસો કર્યા છે છતાં હજી હજારો બલકે લાખોની સંખ્યામાં દર વર્ષે બાળલગ્નો થાય છે. ઈ.સ. 1961ની સાલમાં દહેજ પ્રતિબંધક ધારો ઘડવામાં આવ્યો હતો ને ત્યારથી એ કાયદો અમલમાં છે. છતાં દહેજના કારણે દર વર્ષે હજારો સ્ત્રીઓને સળગી જઈને, ઝેર ખાઈને કે ગમે તે રીતે મોતને વહાલું કરવું પડે છે. દહેજ માગનારા બધા લોકો કોઈ અભણ, અજ્ઞાન, ગરીબ, ગામડિયા જેવા નથી હોતા પણ ઊંચી કક્ષાની ડિગ્રી પ્રાપ્ત કરેલા - આઈએએસ, ડૉક્ટર, ઍન્જિનિયર, ચાર્ટડ એકાઉન્ટન્ટ, મોટા બિઝનેસવાળા ને એવા બધા પણ એમાં હોય છે. હિંદુ સમાજમાં પિતાની મિલકતનો વારસો પરંપરાગત રિવાજ મુજબ માત્ર તેના પુત્રોને જ મળતો હતો. તેની પુત્રીઓને તેમાં વારસાનો કોઈ હક નહોતો. પુત્રીને પિતાની મિલકતમાંથી કશો ભાગ ન મળે એવો કોઈ કાયદો ન હતો કે કાયદાથી પુત્રીના હકનો નિષેધ કરવામાં નહોતો આવ્યો. એ તો હિંદુ સમાજની હજારો વર્ષોથી ચાલી આવેલી એક પરંપરા હતી, એક મજબૂત રીતે સ્થાપિત થયેલો રિવાજ હતો અને યાદ રહે આવા પરંપરાગત રિવાજનું બળ સરકારના કોઈ પણ કાયદા કરતાં ઘણું વધારે હોય છે.

એ રિવાજ સ્ત્રીઓને અન્યાય કરનારો હતો. સ્વતંત્ર ભારતના બંધારણમાં નાગરિક તરીકે સ્ત્રી અને પુરુષને સમાન હક અને અધિકારો મળેલા છે. તેથી પિતાના વારસામાં પુત્રીને ભાગ ન મળે તે નાગરિકના સમાનતાના અધિકારનો ભંગ કર્યા બરાબર ગણાય, અન્યાય ગણાય. એવા અન્યાયનો અંત લાવવા માટે ભારત સરકારે ઈ.

સ. 1956માં હિન્દુ વારસાધારો ઘડ્યો. તે કાયદાની રૂએ પિતાની મિલકતમાં તેના મૃત્યુ પછી માતા, પુત્રો અને પુત્રીઓ એ સૌને સરખો વારસાહક મળેલો છે. પણ વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે મોટે ભાગે પિતાની મિલકત તેના પુત્રો જ વહેંચી લેતા હોય છે. આ બાબત એમ બતાવે છે કે કાયદાથી સામાજિક પરિવર્તન લાવવું એટલું સહેલું નથી, કારણ કે એમાં સદીઓથી ઘડાયેલી રૂઢ માનસિકતા આડે આવે છે.

**પરિવર્તન માટે સમજદારીનો વિકાસ**

સામાજિક પરિવર્તનમાં કાયદો ઉપયોગી છે પણ તેની ઉપયોગિતા અમુક હદ સુધી મર્યાદિત છે. કાયદાનું પાલન કરનારા અને કરાવનારા બધા લોકો છેવટે એક જ સમાજમાંથી આવે છે અને એ સૌના મતઅભિપ્રાયો સમાન હોય છે, પરંપરાઓ અને રૂઢિઓમાં એમની શ્રદ્ધા ને આસ્થા એક સમાન જ હોય છે. તેથી કાયદાનું પાલન કરાવનાર તંત્ર અને કાયદાનું પાલન કરનાર સમાજ એ બંને એક જ સિક્કાની બે બાજુઓની જેમ એકબીજાથી અભિન્ન છે. તંત્રમાં કામ કરનારી વ્યક્તિઓ છેવટે તો સમાજમાં જ રહે છે ને જીવે છે. એમના ઘેર અવારનવાર આવતા સામાજિક પ્રસંગો વખતે તેમને સમાજનો સાથસહકાર લેવાનો હોય છે. એટલે જો એ વ્યક્તિઓ કાયદાનું પાલન કરાવવા માટે અતિશયતા આચરે તો એમના કુટુંબમાં આવતા પ્રસંગો વખતે સમાજનો સહકાર મેળવવાનું એમના માટે મુશ્કેલ બની જતું હોય છે. આથી તંત્રના માણસો જાહેરમાં કાયદાના પાલનની વાતો કરે, લોકો પણ તેમની વાતો સાંભળીને માથું હલાવે ને પછી સૌ વિખરાઈને પોતપોતાના ઘેર જે કરતા હોય તે કરતા રહે છે.

આ પરિસ્થિતિનો ઉકેલ શો ? સાચા અર્થમાં લોકોમાં વૈચારિક પરિવર્તન આવે તેના ઉપાયો યોજવા જોઈએ. સમાજમાં એવા કેટલાક માણસો તૈયાર થવા જોઈએ જે આવાં સામાજિક અનિષ્ટોનો ઈમાનદારીથી વિરોધ કરતા હોય અને પોતાના કુટુંબના વ્યવહારો એવી રીતે પાર પાડે કે જેથી સામાન્ય નાગરિકોને ધડો બેસે. એવા પ્રસંગો જેમ જેમ વધતા જાય તેમ તેમ સામાન્ય નાગરિકોને પ્રતીતિ થતી જાય કે કાળગ્રસ્ત થઈ ગયેલા રીતરિવાજોને વળગી રહેવામાં કંઈ લાભ નથી ને તેને છોડી દેવામાં નુકસાન પણ નથી. આવું થવાથી તેમની સમજણ ધીમેધીમે કેળવાતી જાય ને હિંમત વધે.

આ હેતુ સિદ્ધ કરવા માટે યુવકમંડળો, મહિલામંડળો, ભજનમંડળો, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેનો સાથ-સહકાર પણ ખૂબ ઉપયોગી નીવડે છે. એવાં સૌ મંડળો તેમજ સંસ્થાઓએ સાથે મળીને સામાજિક અનિષ્ટોની નાબૂદી માટે સહિયારા કાર્યક્રમો કરવાથી લોકમતની કેળવણીમાં ઘણી સહાય મળી રહે છે.

**સમજદારી-વિકાસના કાર્યક્રમો**

સમાજમાં પરંપરાથી ચાલ્યાં આવતાં અનિષ્ટો અને દૂષણો કેટલાં નુકસાનકારક છે, તે વ્યક્તિ, કુટુંબ અને સમાજની પ્રગતિમાં કેવી રીતે અવરોધક છે એ બાબતે સમાજમાં, મંડળોમાં, શાળા-કૉલેજોમાં વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજાવા જોઈએ કે જેથી વૈચારિક પરિવર્તનની પ્રક્રિયા શરૂ થાય. પરિવર્તન પહેલાં વ્યક્તિના મનમાં શરૂ થાય છે, તેની બુદ્ધિમાં ને વિચારમાં તેનો ઉદ્ભવ થાય છે. પછી તે વર્તનવ્યવહારમાં પરિણમે છે. એટલે વૈચારિક પરિવર્તનના આવા કાર્યક્રમોમાં લક્ષિત જૂથો કે સમૂહો બને તેટલો વધારે ભાગ લે તે પણ એટલું જ જરૂરી છે.

નાની ઉંમરે વ્યક્તિની સારા વિચારોને ઝીલવાની ક્ષમતા વધારે હોય છે. તેથી શાળા કૉલેજોમાં જુદા જુદા સામાજિક સુધારાઓની જરૂરિયાત વિષે ચર્ચાસભાઓ, વક્તૃત્વસ્પર્ધાઓ, નિબંધલેખન હરીફાઈઓ, નાટકોનું મંચન, વિદ્વાનોનાં વ્યાખ્યાનો વગેરે કાર્યક્રમો સતત યોજાતા રહેવા જોઈએ. મહિલામંડળોમાં સુધારાવાદી મહિલા આગેવાનોને નોતરીને તેમના વાર્તાલાપ ગોઠવવા જોઈએ. લોકોને સમાજશિક્ષણનું કામ કરનારી સારી

સંસ્થાઓમાં ઉજાણીએ લઈ જઈને તેમનો પરિચય કરાવવો જોઈએ. લોકોની આવક વધે, તેમને રોજગારી મળી રહે તેવી પ્રવૃત્તિઓ શરૂ કરાવવી જોઈએ. મહિલાઓનાં સ્વરોજગાર જૂથ રચાય ને તેમને રોજગારી મળે, તેમની કમાણીમાંથી તેઓ બચત કરતાં શીખે તે માટેનું જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવું જોઈએ.

તમામ વિકાસનો મુખ્ય હેતુ માનવજીવનને સુધારવાનો હોય છે એ વાત સમાજસુધારાનું કામ કરનારા સૌએ સતત ધ્યાનમાં રાખવા જેવી છે. લોકો કોરો ઉપદેશ સાંભળવાનું પસંદ કરતા નથી. તેમની આવકમાં વધારો થાય તેવી વાતોમાં તેમને ખાસ રસ પડે છે. આ હેતુ સધાય તેવી વાતોની સાથે પરિવર્તનની વાતોને જોડવી જોઈએ. ગરીબીનાબૂદી, શોષણમાં ઘટાડો, અન્યાયનિવારણ અને સૌના સન્માનનું ગૌરવ કરવું - આવી બધી બાબતો પરિવર્તન અને પ્રગતિના ક્ષેત્રમાં કામ કરનાર સૌ સંસ્થાઓને પ્રેરણા આપે છે. સરકારી વિભાગોને પણ આવાં કામોમાં સાંકળી લેવાથી સારું પરિણામ મળી શકે છે.

પરિવર્તનની પ્રક્રિયા સામૂહિક સહિયારી સમજણ વધારવાના ઉદ્દેશથી યોજાવી જોઈએ. સમાજના જે નબળા વર્ગો છે તેમને વિકાસનાં કામોના નિર્ણયો લેવામાં ભાગીદાર બનાવવાનું ખૂબ જ જરૂરી છે. આવી રીતે સમાજનાં સઘળાં જૂથો ને વર્ગો જ્યારે સાથે મળીને પોતાના ભાવિ અંગે વિચારવિનિમય કરશે ને તેમાંથી સૌને સંમત અને પસંદ એવા નિર્ણયો લેવાતા થશે ત્યારે સમાજમાં જે આંતરવિરોધો ને અળગાપણાની ભાવના પ્રવર્તે છે તે આપોઆપ દૂર થવા લાગશે ને સમગ્ર લોકસમુદાયમાં સમાનતાની ભાવનાનો ઉદય થશે. એ જ ભાવના તેમનામાં બંધુતા ને એકતાનું નિર્માણ કરશે. અત્યારે જે જૂથો કે વર્ગોને એવું લાગે છે કે અમારી પાસે તો કોઈ અધિકાર નથી, અમોને કોઈ કદી કશું પૂછતું નથી, અમોને માત્ર હાંકવામાં આવે છે. તેમની એવી અળગાપણાની લાગણીઓ દૂર થશે. આમ કરવાથી પરિવર્તન વ્યક્તિઓની અંદરથી શરૂ થશે ને ક્રમશઃ એના પરિવાર અને સમાજ સુધી એનો વિસ્તાર થશે. હજારો વર્ષોથી કુટુંબ, સમાજ, સરકાર વગેરે સર્વ સંસ્થાઓએ જે જાતિ-જ્ઞાતિપ્રધાન સંસ્કૃતિને વિકસાવી છે તે 21મી સદીની બદલાતી વૈશ્વિક સંસ્કૃતિમાં બંધબેસતી નથી. વ્યક્તિ કે સંસ્થા સૌએ નીતિધર્મનાં સનાતન મૂલ્યોને જાળવીને અન્ય સર્વ બાબતોમાં નવી દૃષ્ટિ કેળવવી એ જ યુગધર્મ છે એ વાતનો સ્વીકાર કરીને ચાલવાથી જ પરિવર્તનની પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવી શકાશે.

સમાજમાં પરિવર્તન તો એક યા બીજી રીતે ચાલ્યા જ કરતું હોય છે. પરિવર્તનનાં પરિબળો પ્રાકૃતિક, સામાજિક, ભૌગોલિક, શૈક્ષણિક વગેરે વિવિધ પ્રકારે આંતરપ્રક્રિયાઓ દ્વારા પરિવર્તન લાવે છે પણ માત્ર પરિવર્તન થાય એટલું પૂરતું નથી; મહત્ત્વની બાબત એ છે કે આપણે કેવી સમાજવ્યવસ્થા ઇચ્છીએ છીએ એ અંગે સમાજમાં વિવિધ સ્તરે સામુદાયિક ચિંતન અને વિચારવિનિમય થવાં જોઈએ. કુટુંબવ્યવસ્થા પિતૃસત્તાક છે એટલા માટે જ તે ખરાબ છે એમ નહિ, એ વ્યવસ્થામાં જે વ્યવસ્થાગત દોષ છે તેને દૂર કરવા જોઈએ. એ કુટુંબના સભ્યો પ્રેમ, ત્યાગ, સહકાર અને સેવાની ભાવનાથી પરસ્પર સંકળાય, એકબીજાના સુખદુ:ખના સમાન ભાગીદાર બને. તેવું કુટુંબ પિતૃસત્તાક હોય તોય તે સ્વર્ગ સમાન બની રહે. એવી રીતે આપણે પરિવર્તન દ્વારા એવો સમાજ રચવો છે કે જેમાં બધાંને સમાન અધિકાર મળે, સમાન સુખસગવડો મળે, આગળ વધવાની સૌને સમાન તક મળે, જ્યાં ન્યાય હોય, લિંગ-વર્ગ, જાતિ કે અન્ય કારણે ઊંચનીચના ભેદભાવ ન હોય, દમન કે શોષણ ન હોય, બેરોજગારી ને ભૂખમરો ન હોય, જેમાં સૌને સમાન આદર ને સદ્ભાવ મળતો હોય, સમાન કામ માટે સમાન વળતર હોય. એવો સમાજ રચાય એ હેતુસર પરિવર્તનની પ્રક્રિયા યોજવાથી ભાવિ પરિવર્તન સાર્થક બનશે.

## સ્વાધ્યાય

**1.** નીચેના દરેક પ્રશ્નના આઠ-દસ વાક્યોમાં જવાબ આપો :

(1) ગરમ આબોહવા લોકોનાં જીવન ઉપર કેવી રીતે અસર કરે છે ?

(2) ગુજરાતમાં વસનારી પ્રજામાં કેવાં કેવાં જૂથો ભળેલાં છે ?

(3) સરદાર વલ્લભભાઈ પટેલે રાજાઓનાં રાજ્યોને કેવી રીતે ભારત સંઘમાં વિલીન કર્યાં હતાં ?

(4) પરિવર્તનના કેવા કેવા ઉદ્દેશ હોઈ શકે ?

(5) પ્રવાસપર્યટન પરિવર્તનમાં કેવી રીતે ફાળો આપે છે ?

**2.** નીચેના દરેક વિધાનનો ચાર-પાંચ વાક્યોમાં અર્થવિસ્તાર કરો :

(1) શિક્ષણ એ પરિવર્તનનો પારસમણિ છે.

(2) સામાન્ય પ્રજા ગતાનુગતિક હોય છે.

(3) સામાજિક પરિવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે.

(4) ભારતીય સમાજ એક હાથની પાંચ આંગળીઓ જેવો થઈ ગયો હતો.

(5) જળ એ જીવન છે.

(6) અજ્ઞાની સમાજનું અનેક રીતે અધઃપતન થાય છે.

**3.** નીચેનું દરેક વિધાન બે-ત્રણ વાક્યોમાં કારણો આપીને સમજાવો :

(1) ઠંડા મુલકોમાં લોકો ઘરનાં બારીબારણાં બંધ રાખે છે.

(2) ગરમ આબોહવામાં જીવતા લોકો ગરીબીમાં જીવે છે.

(3) ભારતના મૂળવતનીઓ હજારો વર્ષોથી જંગલોમાં વસે છે.

(4) જમીનદારી પદ્ધતિથી ખેડૂતો પાયમાલ થઈ ગયા હતા.

(5) ધર્મના સાચા જ્ઞાન વિનાનો સમાજ સરવાળે પરાધીન બની ગયો.

(6) સંગઠિત થવું એ પરિવર્તનનું પ્રથમ પગથિયું છે.

(7) મોટા ઉદ્યોગકારો પણ દેશવિદેશનો પ્રવાસ કરે છે.

(8) સામાજિક પરિવર્તન એક ધીમી પ્રક્રિયા છે.

(9) પરિવર્તનમાં કાયદાની ઉપયોગિતા અમુક હદ સુધી મર્યાદિત છે.

**4.** દરેક પ્રશ્નનો જવાબ એક વાક્યમાં આપો :

(1) ભારતના મૂળવતનીઓ જંગલો અને પહાડોમાં જઈને કેમ વસ્યા ?

(2) અંગ્રેજી રાજ્યમાં ગામડાંમાં ચાલતી પાઠશાળાઓ અને મદ્રેસાઓ કેમ બંધ થઈ ગઈ ?

(3) આઝાદી આવી ત્યારે દેશના રાજાઓ સાથે કેવા કરાર કરવામાં આવ્યા ?

(4) પરિવર્તનનું પ્રથમ પગથિયું કયું છે ?

(5) મુંબઈમાં પ્રથમ કન્યાશાળાની સ્થાપના ક્યારે થઈ હતી ?

●